JAIN KRANTI
જૈન ક્રાંતિ
Vol. 12 I Issue 6 I Mumbai I October - 2021 I Price Rs. 25/- I Pages : 28

RASHTRASANT PARAM GURUDEV
SHREE NAMRAMUNI MAHARAJ SAHEB'S 51st JANMOTSAV
MANAVTA MAHOTSAV

અને...

જન્મોત્સવ અવસરે
રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના
શ્રીમુખેથી સરી પડ્યા ઉદ્‌ગારો...

સાંભળજે હો...

સાંભળજે હો મનવા સાંભળજે... મનવા સાંભળજે...

આ દેહ તો અંતે રાખ થવાનો,
રૂપ-અરૂપની પાર જવાનો

આ જીવન તો છે માયા,
ના યાદ રહે પડછાયા

નથી કાયમનો રહેવાસ્તો,
તારો બદલાવાનો રાશિ

રાખ થવાનું ગુમાન તારું,
ખિસ્સે ના ભર મકાન તારું

ઓળખ તારો બદલાવાનો,
ઓળખનારા પણ બદલાશે

બદલાશે તારી આંખો પણ,
દ્રશ્યો એમાં પણ બદલાશે

જે પારણાંમાં ઝૂલે,
તે પાલખીમાં નોકળે

Scan to watch on
www.youtube.com/ParasdhamTV

દિવ્યતા અને માનવતાનો પાવન સંયોગ સર્જતી માનવતા મહોત્સવની અવિસ્મરણીય ક્ષણો

જપ
સાધનામાં
તલ્લીન
ભાવિકો

1. બ્રહ્મનાદે પાર્શ્વપ્રભુની સ્તુતિ પ્રગટ કરી રહ્યાં પરમ ગુરુદેવ 2. મંગલ કળશ અર્પણ દ્વારા થઇ રહ્યાં શ્રી ઉર્વીશભાઈ વોરા પરિવારના સન્માન 3-4. પરમ સાધના અને પરમ પ્રેરણા પુસ્તિકાનું લોકાર્પણ કરી રહ્યાં શ્રી અજયભાઈ શેઠ, શ્રી ઉર્વીશભાઈ વોરા, શ્રી ગિરીશભાઈ દેસાઈ, શ્રી સંજયભાઈ સંઘવી, શ્રી રમેશભાઈ મોરબીયા, શ્રી કમલેશભાઈ મોદી આદિ શ્રી સંઘ પદાધિકારીઓ

લુક એન લર્નના
150થી વધુ નાના-નાના બાળકોએ
પોતાના તારણહારા, સંસ્કારદાતા
પરમ ગુરુદેવનું સ્વાગત
આવા ભાવોની
અભિવ્યક્તિ કરતા
નૃત્યથી કર્યું હતું.

जन्म लेकर तुम बने,
सबके तारणहारे
Thank you कहने आए है,
Look n Learn के बच्चे सारे!

ज्ञान के सागर में डूबे
विनय की बारिश में भीगे
बरसाते रहेंना हम पर कृपा...
पधारो, पधारो, पधारो, **हमारे परम..!**

JAIN KRANTI
જૈન ક્રાંતિ
5th October 2021, YEAR: 20, ISSUE - 247
PAGES : 24 + 4 • RETAIL PRICE : ₹ 25

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ

શા માટે ?

પર્વાધિરાજ પર્યુષણ પર્વ શા માટે હોય છે ?

બધાં કહેશે આત્માની શુદ્ધિ અને વિશુદ્ધિ માટે ! !

એક વ્યક્તિ પાસે બહુ મોટું ખેતર હતું, એમાં ચારેબાજુ બાવળના કાંટાઓ ઊગી ગયાં હતાં. તે વ્યક્તિએ બાવળના કાંટાઓ કાઢવાનું શરુ કર્યું અને કાંટા કાઢતો ગયો... કાઢતો ગયો, જ્યારે એણે છેલ્લાં કાંટાઓ કાઢી, પાછળ નજર કરી તો આશ્ચર્યચક્તિ થઈ ગયો. કેમ ? કેમ કે, પાછળ ફરી કાંટાઓ ઊગી ગયાં હતાં. એનો આટલાં દિવસનો પરિશ્રમ વ્યર્થ થઈ ગયો હતો.

માટે જ, આત્માની વિશુદ્ધિ સાથે ગુણોની વૃદ્ધિ પણ એટલી જ જરૂરી છે.

અવગુણોના કાંટાઓ કાઢવાની સાથે સદ્‌ગુણોના ગુલાબ પણ ઊગાડતા જવા જોઈએ.

આત્માની વિશુદ્ધિ કરતાં-કરતાં જો ગુણોની વૃદ્ધિ ન થાય, તો અશુદ્ધિ કયારે પાછી આવી જાય, ખબર જ ન પડે !

માટે જ, આ global પર્યુષણમાં પરમ ગુરુદેવ એ આત્મ શુદ્ધિની process સાથે ગુણવૃદ્ધિનો પુરુષાર્થ કરાવી સહુના પર્યુષણને સાર્થક કર્યા છે.

આત્મશુદ્ધિની process અને ગુણવૃદ્ધિના પુરુષાર્થને
આવો, જાણીએ જૈન-ક્રાંતિના આ global પર્યુષણ અંકમાં !

: FORMER EDITOR :
SHREE RASIKBHAI PAREKH

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: EDITOR :
SHREE PRATIMABEN BADANI

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

Printed at
Arihant Printing Press
Ghatkopar (E), Mumbai - 400 077
and
Published at
202, Satellite Building,
Opp. Mistry Complex, J. B. Nagar,
Andheri (East), Mumbai - 400 099

: SUBSCRIPTION :

LIFE TIME (WITHIN INDIA)	:	₹ 2500
FOR 2 YRS. (WITHIN INDIA)	:	₹ 500
LIFETIME (INTERNATIONAL)	:	₹ 20000
FOR 1 YR. (INTERNATIONAL)	:	₹ 2500

આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો
સંપર્ક : +91-9324808181

TO KNOW MORE ABOUT
PUJYA GURUDEV
CONTACT ON: +91-9860905678

હજારો જીવોને અભયદાન, મુક્તિદાન અને શાતા-સમાધિ આપીને ઊજવાયો

પરમધામના કણ-કણમાં ગૂંજી ઉઠ્યા પરમ ગુરુદેવના બ્રહ્મનાદે શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની સંકલ્પ સિદ્ધિ સાધનાના દિવ્ય તરંગો...

હજારો જીવોને શાતા-સમાધિ આપવા અને અનેક જીવોને સંસાર સાગર તરાવવા આ અવની પર જેમનું અવતરણ થયું છે એવા રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના 51st અવતરણ અવસરે આયોજિત મહા માનવતા મહોત્સવ ઘટ-ઘટમાં કરુણા, માનવતા, શ્રદ્ધા અને ભક્તિ ભાવનાના અમીટ સંસ્કરણ કરીને અવિસ્મરણીય બની ગયો હતો.

સમગ્ર ભારતના ખૂણે-ખૂણેથી તેમજ વિદેશના અમેરિકા, લંડન, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, યુગાન્ડા, સ્વીડન, કોંગો, સુદાન, દુબઈ, અબુધાબી આદિ અનેક ક્ષેત્રોનાં હજારો ભાવિકોની આંખોમાં સદ્‌ભાવના અને અહોભાવના અંજન આંજી ગયાં.

પ્રસારિત થયાં દિવ્ય જપ સાધનાના તરંગોઃ

પ્રત્યક્ષ અને પરોક્ષ ઉપસ્થિત દરેકે દરેક ભક્તિભીના હૃદય અલૌકિક દિવ્ય તરંગોથી ભાવિત થઈને લયલીન બની ગયાં હતાં જ્યારે દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા પાર્શ્વપ્રભુની ઉત્કૃષ્ટ સ્તુતિ સ્વરૂપ મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની સંકલ્પ સિદ્ધિદાયિની જપ સાધના, પરમ ગુરુદેવના નાભિનાદથી પ્રગટતા દિવ્ય મંત્રોચ્ચાર સાથે બ્રહ્મસ્વરે કરાવવામાં આવી હતી. કમવાર ત્રણ તબક્કામાં વિશિષ્ટ મુદ્રાઓ અને લયબદ્ધ સ્વરૂપે કરાવવામાં આવેલી આ જપ સાધના અનેક ભાવિકોની આત્મ ધરાને પ્રભુ પ્રેમથી તરબતર કરી ગઈ.

ગૂંજી રહી ગુરુવાણીઃ

પરમ ગુરુદેવે જીવનની વાસ્તવિકતાને સમજાવતાં પરમ વચનો પ્રગટ કરતાં ફરમાવ્યું હતું કે, રાખ થઇ જનારા આ શરીરના જન્મોત્સવ આપણે અનેકોવાર ઉજવ્યા, પરંતુ વાસ્તવિક મજા તો સમજનો જન્મોત્સવ ઉજવવામાં જ છે. શરીરના વિકાસનો ઉત્સવ નહીં, પરંતુ સમજના વિકાસનો ઉત્સવ ઉજવીએ.

સર્યા શુભેચ્છાના સુંદર શબ્દોઃ

કેન્દ્રીય મંત્રી માનનીય **શ્રી પરષોત્તમજી રૂપાલા**એ ગુરુદેવને સૌરાષ્ટ્રના રત્ન તરીકે ઓળખાવીને શુભેચ્છા અર્પણ કરી હતી. એ સાથે જ આ અવસરે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી **શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ** અને ભૂતપૂર્વ માનનીય મુખ્યમંત્રી **શ્રી વિજયભાઇ રૂપાણી** એ પરમ ગુરુદેવ દ્વારા થઇ રહેલા માનવતા-જીવદયાના કાર્યો બદલ અહોભાવ પ્રગટ કરીને શુભેચ્છા અર્પણ કરી હતી. આ અવસરે સમગ્ર ગોંડલ સંપ્રદાય તરફથી શ્રી ગોંડલ નવાગઢ સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખ **શ્રી પ્રવીણભાઈ કોઠારી**એ ગુરુદેવના માનવતા અને સેવાના કાર્યોની પ્રશસ્તિ કરીને એમના દીર્ઘ આયુષ્યની શુભેચ્છા-વંદના અર્પણ કરી આગામી ચાતુર્માસ ગોંડલ પધારવા આખી કમિટી સાથે વિનંતી વ્યક્ત કરેલ. રાજકોટ રોયલપાર્ક સંઘ પ્રમુખ **શ્રી ચંદ્રકાંતભાઇ શેઠે** આ અવસરે પરમ ગુરુદેવ દ્વારા સમગ્ર વિશ્વમાં અનેરી વિચારધારા સાથે થઈ રહેલા સેવાના કાર્યોની પ્રશસ્તિ કરીને પરમ ગુરુદેવ જેવા સંતની પ્રાપ્તિ બદલ સ્વયંને સદ્‌ભાગી તરીકે ઓળખાવ્યા હતાં.

માનનીય યુનિયન કેબિનેટ મિનિસ્ટર
શ્રી પરષોત્તમજી રૂપાલા

ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

ગાદીના ગામ ગોંડલથી શ્રી ગોંડલ નવાગઢ સ્થા. જૈન સંઘના સભ્યોએ ચાતુર્માસ અર્થે ગોંડલ પધારવા કરી વિનંતી

શાલમાં સમાયા અહોભાવઃ

ઊપસ્થિત જન-જનના હૃદય હર્ષ-હર્ષનો જયનાદ કરી રહ્યા, જ્યારે રાજકોટના લાભાર્થી શ્રી કાંતિભાઈ લાઘાભાઇ શેઠ પરિવારના શ્રી વીરેનભાઈ શેઠ, શ્રી સંજયભાઈ શેઠ દ્વારા પરમ ગુરુદેવને અત્યંત અહોભાવથી શાલ અર્પણ કરવામાં આવી હતી.

પરમ ગુરુદેવને શાલ અર્પણ કરી કૃતકૃત્ય બન્યાં શ્રી કાંતિભાઈ લાધાભાઈ શેઠ પરિવાર - શ્રી વિરેનભાઈ શેઠ, શ્રી સંજયભાઈ શેઠ

રાજકોટમાં સર્જન થશે પારસધામ સંકુલનું:

આ અવસરે રાજકોટમાં નિર્માણાધીન પારસધામ-રાજકોટની જાહેરાત કરવામાં આવી હતી. જેના ભૂમિદાનનો લાભ રાજકોટના શ્રી સ્નેહાબેન હિતેનભાઈ મહેતા પરિવારે અને પારસધામના સમગ્ર સર્જનનો લાભ શ્રી કાંતિભાઈ લાઘાભાઈ શેઠ પરિવારે લીધો હતો.

Deaf and Mute ભાવિકો માટે વિશેષ પ્રસ્તુતિ:

પરમાત્મા પાર્શ્વપ્રભુની ઉત્કૃષ્ટ સ્તુતિ સ્વરૂપ મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનો લાભ મૂક-બધિર ભાવિકોને પણ મળે એવી શુભ ભાવના સાથે શ્રી કુંજનબેન મુલરાજભાઈ છેડા દ્વારા આ અવસરે મૂક-બધિર ભાવિકો માટે અર્થ સહિત શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની વિશેષરૂપે પ્રસ્તુતિ કરવામાં આવતાં ઉપસ્થિત 400થી વધારે મૂક-બધિર ભાવિકોના હૃદય ભક્તિથી સ્પંદિત બની ગયાં હતાં.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની વિશિષ્ટ રીતે પ્રસ્તુતિ કરી રહ્યાં મૂક-બધિર ભાવિક

પ્રસર્યા એવા પરમાર્થ - સાધર્મિક Emergency operation સહાય યોજના:

સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મહારાજ સાહેબની સંયમ શતાબ્દી વર્ષ ઉપલક્ષે **ઘાટકોપરના શ્રી ઉર્વીશભાઈ વોરા તરફથી અઢી કરોડ રૂપિયા જરૂરિયાતમંદ ગરીબ સ્થાનકવાસી જૈન ભાવિકોના Emergency operation માટે** જાહેર કરવામાં આવ્યાં હતાં. તેમની આ પરમાર્થ ભાવનાનું મંગલ કળશ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.

પરમ પ્રયાસ skill development project:

દર વર્ષની જેમ આ વર્ષે પણ અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા માનવતાનો એક નવો પ્રકલ્પ, 'પરમ પ્રયાસ- skill development project' launch કરવામાં આવ્યો હતો. જેના અંતર્ગત computer course અને alternative therapyના certified course, certified tutors દ્વારા નજીવા દરે શીખવવામાં આવશે. જેના દ્વારા કોરોના મહામારી જેવા આર્થિક સંકટના સમયે ભાવિકો આ course દ્વારા freelancing કરીને પોતાના અથવા કોઈ જરૂરિયાતમંદ પરિવારને સહાયરૂપ બની શકશે.

અનન્ય લાભની ધન્યતા:

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર મંગલ કળશનો લાભ કચ્છના શ્રી S.P.M. પરિવારે, અમદાવાદના શ્રી જતીનભાઈ તથા શ્રી આશિતભાઈ મહેતા (દુબઈ)એ, શ્રી અજમેરા પરિવારે, શ્રી ચભાડીયા પરિવારે તેમજ શ્રી ભાયાણી પરિવારે લીધો હતો. આ અવસરે 51 કીલોના લાડવાનો લાભ શ્રી નટુદાદા શેઠ પરિવારે તથા શ્રી કિરીટભાઈ મહેતા પરિવારે લીધો હતો.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર યંત્રનો લાભ શ્રી સુનિલભાઈ શાહ (બાવળા) અને શ્રી દર્શકભાઈ રૂપાણી પરિવારે લીધો હતો.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર મંગલ કળશના લાભાર્થી

1. શ્રી જતીનભાઈ તથા શ્રી આશિતભાઈ મહેતા
2. શ્રી અજમેરા પરિવાર વતી શ્રી બરવાળીયા પરિવાર
3. શ્રી ચભાડીયા પરિવાર
4. શ્રી S.P.M. પરિવાર
5. શ્રી ભાયાણી પરિવાર
6. શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રમાં લીન-તલ્લીન શ્રી વોરા પરિવાર
7. અહોભાવ સાથે મંગલ કળશ ગ્રહણ કરતાં શ્રી ગાલા પરિવાર

51 ભાષામાં આરુગ્ગ બોહિલાભંના શુભેચ્છા ભાવો:

સૌના વહાલા, સૌના પ્યારા એવા સિદ્ધમ દ્વારા અને દેશ-વિદેશની વિવિધ પ્રાંતીય ભાષામાં 50 બાળકોએ આરુગ્ગ બોહિલાભંના શુભેચ્છા ભાવો પ્રગટ કરીને પરમ ગુરુદેવના નીરોગી આરોગ્યના અર્થે શુભકામના વ્યક્ત કરી હતી.

આત્મલોચન ખોલનારા વિમોચન એવમ લોકાર્પણ:

પરમ ગરુદેવના બોધ પ્રવચનના અક્ષર સ્વરૂપ પુસ્તિકા- પરમ સાધના અને પરમ પ્રેરણાનું લોકાર્પણ શ્રી અજયભાઈ શેઠ, શ્રી રમેશભાઈ મોરબીયા, શ્રી કિરીટભાઈ મહેતા, શ્રી ગિરિશભાઈ દેસાઇ, શ્રી મનસુખભાઇ કોઠારી આદિ દ્વારા કરવામાં આવેલ તેમજ અમદાવાદના રીટાબેન શાહ રચિત આભામંડળ પુસ્તિકાનું વિમોચન પરમ ગુરુદેવ દ્વારા કરવામાં આવ્યું હતું.



શ્રી રીટાબેન શાહ રચિત 'આભામંડળ' પુસ્તિકાનું વિમોચન કરી રહ્યાં પરમ ગુરુદેવ

ARHAM NEWSનું launching:

ચોમેર માનવતાની મહેક પ્રસરાવીને સંપન્ન થયેલા આ મહોત્સવમાં અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા દેશ-વિદેશમાં થતાં માનવતાના કાર્યોની ખબર આપતા "ARHAM NEWS" ના કરવામાં આવેલા launching સાથે આ અવસર અત્ર-તત્ર-સર્વત્ર અવિસ્મરણીય બની રહ્યો.

અણમોલ લાભ મેળવનાર ધન્ય લાભાર્થી:

આ શુભ અવસરે શ્રી સંઘ સ્વામિવાત્સલ્યનો લાભ શ્રી ધોળકીયા પરિવાર (દિલ્હી-અમદાવાદ) અને શ્રી સંઘ પૂજનનો લાભ માતુશ્રી મંજુલાબેન મનસુખલાલ દોશી પરિવાર, ઘાટકોપર લઈને ધન્ય બન્યાં હતાં.

ધર્મ સેવકોનું સન્માન:

માનવતાના આ અવસરે સમગ્ર રાજકોટના ધર્મસ્થાનકો તેમજ સમગ્ર મુંબઈના ધર્મસ્થાનકોમાં સેવા કરી જીવન નિર્વાહ કરી રહેલાં દરેકે દરેક કર્મચારીઓના ભાલ પર તિલક કરીને, મસ્તકે સાફો પહેરાવીને વસ્ત્રો, dry fruits, રોકડ રકમ તેમજ અન્ય ખાદ્ય સામગ્રીની ભેટ આપીને તેમની ધર્મ સેવા ભાવનાનું સન્માન કરવામાં આવ્યું હતું.

બાલિકા બની સંચાલિકા:

કાર્યક્રમનું સંચાલન 2 બાલિકા- શ્રી ધ્રુવી વૈદ, શ્રી રીયા દડિયાએ કર્યું હતું. જ્યારે ભાવિકોને ભક્તિરસમાં તરબોળ કરવા સંગીતકાર શ્રી નરેન્દ્રભાઈ વાણીગોતા અને શ્રી હાર્દિકભાઈ શાહ એ સૂર રેલાવ્યાં હતાં.

સુંદર સંચાલન કરી રહ્યાં શ્રી રીયાદીદી, શ્રી ધ્રુવીદીદી

પરમધામ સાધના સંકુલમાં

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે 9 દિવસીય

Global PARYUSHAN Mahaparva 2021

આત્મ વિશુદ્ધિ અને ગુણવૃદ્ધિના ભાવો સાથે સંપન્ન

- **સમસ્ત ભારત, અમેરિકા**ની શિરસ્થ સંસ્થા JAINA અને 72 થી વધારે Countries ના લાખો જૈન-અજૈન ભાવિકો ભાવિત થયાં.
- 99,99,999 **નમસ્કાર મહામંત્ર**ની સમૂહ જપ સાધના.
- પ્રતિદિન નવ્ય અને મનોમંથન કરાવતી **વિવિધ પ્રસ્તુતિઓ**.
- પરમ ગુરુદેવની કલ્પનાના પાત્ર **સિદ્ધમે** આપી આત્મ હિતની અનોખી પ્રેરણા
- Youth પ્રવચનમાં youngsters પામ્યાં **માર્ગદર્શન, સમાધાન** અને **Rituals**ના **logical secrets.**
- પૂજ્ય શ્રી પરમ મહાસતીજીઓ દ્વારા વિદેશના **12 સંઘો**માં થઈ **પર્યુષણની શાસન પ્રભાવના** અને **બાલ પર્યુષણ.**
- ભગવાન મહાવીર જન્મોત્સવ અવસરે **1,11,111 ગરીબોએ કર્યાં લાડવાથી મીઠા મોઢાં...**
- એક સાથે, એક સમયે **લાખો ભાવિકોએ** અંગીકાર કરી **શ્રાવક દીક્ષા** અને કરી **સમૂહ સંવત્સરી પ્રતિક્રમણની આરાધના.**
- દેશ-વિદેશના 750 **તપસ્વીઓએ** કરી મોટી **તપસાધના** અને **550 બાળકોએ** કરી **દ્રવ્યતપની સાધના.**
- **50 લાખ રૂા** નું અનુદાન **પાંજરાપોળ**માં મોકલવાનો **અબોલ જીવો** માટે શાતાકારી સંકલ્પ.

ગ્લોબલ પર્યુષણ મહાપર્વના સંઘપતિ

શાસન દીપક ગુરુદેવ **પૂજ્ય શ્રી નરેન્દ્રમુનિ મહારાજ સાહેબ**

એવમ્ માં સ્વામી **પૂજ્ય શ્રી જયવિજયાજી મહાસતીજી**ની પરમ સ્મૃતિમાં

ધર્મવત્સલા

શ્રી બીનાબેન અજયભાઇ શેઠ

Quest Foundation, Sion

Paryushan

My First Step to

Maitri

મારી મૈત્રીની પા... પા પગલી

- પર્યુષણ મહાપર્વ એટલે સાધનાની season.
- પર્યુષણ આપણા પરિવારજન જેવા હોવા જોઈએ, જે કાયમ આપણી સાથે હોય, મહેમાન જેવા નહીં, મહેમાન તો આવે અને ચાલ્યા જાય.
- આપણી ધર્મ આરાધના ઉલ્લાસભાવની હોવી જોઈએ, લાશ જેવી નહીં.
- આજે આપણે પર્યુષણનું એવું welcome કરીશું કે જતાં-જતાં પર્યુષણ આપણને કહેશે well done!
- 'સ્વ' મૈત્રી પર્યુષણનું શ્રેષ્ઠ કર્તવ્ય છે.
- બહારમાં ઘણાં મિત્રો બનાવ્યાં, હવે સ્વયંની સાથે મિત્રતા કરવાની છે.
- જ્યારે-જ્યારે આપણને વચનયોગ મળ્યો છે. ત્યારે-ત્યારે આપણે બીજા સાથે જ વાતો કરી છે. હવે 'સ્વ' સાથે વાતો કરવાની છે.
- 'પર' સાથે વીતતા સમયને 'સ્વ' માં વીતાવવો, એ પરમાત્મા બનવાનો માર્ગ છે.
- સ્વયંની સ્વયં સાથે મૈત્રી, તે શ્રેષ્ઠ મૈત્રી છે. 'પર' થી 'પર' થવું એ 'સ્વ' સાથે મૈત્રી કરવાનો માર્ગ છે.
- જે 'સ્વ'ના મિત્ર હોય, પરમાત્મા એના મિત્ર હોય.
- Hotelનું ભોજન કરાવે તે નહીં, પણ સત્યનું અને પ્રજ્ઞાનું ભોજન કરાવે તે મિત્ર હોય.
- જે પ્રજ્ઞા ભોજન કરાવે છે, તે અનંતકાળની મિત્રતા નિભાવે છે.
- મિત્ર એવા હોવા જોઈએ, જે સ્વયં તરે અને તમને પણ તારે.
- શ્રાવક માટે દાન, શીલ, તપ અને ભાવની આરાધના હોય. સાધુ માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના હોય.
- જાત સાથે વાત કરવી એ જિન બનવાનો માર્ગ છે.
- જે દિવસે તમે તમારી સાથે ખુલ્લા મનથી વાત કરો છો તે દિવસથી તમારી આત્મશુદ્ધિની process fast થવા લાગે છે.
- જેમનો સમય 'પર' માં જાય, તે પરમાત્માની રાહ પર ન હોય.
- 'સ્વ'ના મિત્ર બની જાવ, સર્વ તમારા મિત્ર બની જશે. સ્વના મિત્ર બનવાથી સ્વયંનો nature અને સ્વયંના ગુણો-અવગુણોનું દર્શન થવા લાગે છે.
- જ્ઞાતાદૃષ્ટાભાવ પર્યુષણ મહાપર્વને સાર્થક કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે. જ્ઞાતાદૃષ્ટાભાવ આત્મમિત્રતાનું result છે.



पर्युषण
Sins का
Sanitiser है

પ્રથમ દિવસ

Paryushan

My First Step to

Selflessness

મારી નિઃસ્વાર્થતાની પા... પા પગલી

- **મારા માટે પર્યુષણ routine નહીં, પણ root in હોવા જોઈએ.**
- સાધનાની penમાં જો ગુણોની refil ન હોય તો, આપણે આપણી selfની examમાં fail થઈ જઈએ છીએ. જે સ્વયંની exam માં fail થાય છે, ભગવાન પણ એને pass ન કરાવી શકે.
- જેમણે પોતાના જીવનમાં નિઃસ્વાર્થતાના ભાવ પ્રગટાવી લીધા હોય, એમની આંખોમાં મૃત્યુ સમયે સંતોષનું certificate હોય.
- આ દુનિયામાં સૌથી મોટામાં મોટું કોઈ પાપ કે દોષ હોય તો તે 'સ્વાર્થ' છે.
- જ્યાં સ્વાર્થ હોય ત્યાં શર્ત હોય.
- જ્યારે સ્વાર્થનું મૃત્યુ થાય, ત્યારે પરમ સુખનો જન્મ થાય.
- આપણી અંદરમાં રહેલાં સુખબુદ્ધિના cells આપણને calculations કરાવતાં રહે છે.
- સ્વાર્થને minus કરવા માટે, આપણે વસ્તુ અને વ્યક્તિઓ પ્રત્યેના પરિગ્રહભાવને ઘટાડવો જોઈએ.
- વસ્તુ કે વ્યક્તિનો પરિગ્રહ એટલે આપણા સ્વાર્થનું charger!
- આપણને વસ્તુ કે વ્યક્તિ નહીં પણ એના દ્વારા મળતું સુખ પ્રિય લાગતું હોય છે.
- **સ્વાર્થ નામનો એક અવગુણ તમામ ગુણોને ભસ્મીભૂત કરી નાંખે છે.**
- સ્વાર્થના engineની પાછળ જોડાતાં પાછળના બધાંજ compartments અવગુણોના જ હોય.
- સ્વાર્થ ઘટે તેને મોક્ષની દિશા દેખાવા લાગે.
- નિઃસ્વાર્થી બનવા માટે શું કરવું જોઈએ ? મનની વાતને માનવાનું બંધ કરવું જોઈએ. મન જે ઈચ્છે, તેના વિરુદ્ધનું કરવા લાગશો તો સ્વાર્થ ઘટવા લાગશે.
- નિઃસ્વાર્થતા તરફની પા... પા પગલી, સ્વાર્થની દોડને ઘટાડે છે.
- ગુરુનું કર્તવ્ય હોય છે; શિષ્યના સ્વાર્થને ઘટાડવાનું અને સમર્પણતાને વધારવાનું! સમર્પણતાથી હું, મને અને મારું ઘટવા લાગે છે.
- જ્યાં રાગ હોય, ત્યાં સ્વાર્થ હોય. જ્યાં પ્રેમ હોય, ત્યાં નિઃસ્વાર્થતા હોય.
- **તમારો સ્વાર્થ ક્યારેક કોઈને ધર્મથી દૂર કરી શકે છે, તો તમારો નિઃસ્વાર્થભાવ ક્યારેક કોઈને ધર્મ સાથે જોડી શકે છે.**
- સ્વાર્થીના ચહેરા પરની પ્રસન્નતા શેરબજારના graphની જેમ updown થતી હોય છે, જ્યારે નિઃસ્વાર્થીની પ્રસન્નતા કાયમ એક સમાન રહેતી હોય છે.



जहां स्वार्थ होता है,
वहां शर्त
(Terms & Conditions)
होती है

દ્વિતીય દિવસ

Paryushan

My First Step to

Family Bonding

મારા પરિવાર પ્રેમની પા... પા પગલી

- ધર્મની શરુઆત ધર્મક્ષેત્રથી નહીં પણ સંસારના કર્મક્ષેત્રથી થતી હોય છે.
- જેમની bad memories clear થઈ જાય છે, તે પરમાત્માની near હોય છે.
- આપણું family આપણી 1st school હોય છે. આપણા parents આપણા 1st teacher હોય છે.
- નાનાને અપાતો respect તમારા મોટા બનવાનો tax હોય છે.
- તમારો respect જ reflect થઈ પૂરા પરિવારમાં respectful વાતાવરણનું સર્જન કરે છે.
- **જેમ sign વિનાનો cheque, તેમ respect વિનાનો પરિવાર.**
- **Parents ના હર એક suggestion, સંતાનરૂપી student માટે એક lesson હોય છે.**
- તમારું એક suggestion તમારા પરિવારને પ્રભુ પરિવાર અથવા શેતાન પરિવાર બનાવી શકે છે.
- Parentsનું suggestion right હોય તો સંતાન right path પર હોય છે.
- આપણે પરિવારરૂપી trainના passenger છીએ. અનંતની યાત્રામાં, lifeની trainમાં એક ને એક passenger આપણને વારંવાર મળવાના છે. આપણે દરેક passenger સાથે, આપણી અંદરના પરમાત્માના messenger બનીને રહેવું જોઈએ.
- જેમના nature સાથે આજે problem હોય, એ જ આપણા futureના partner બને છે.
- જે કોઈના માટે negative નથી હોતાં, પ્રભુ એમની સાથે સદાય positive રહે છે.
- પોતાના સુખની publicity કરવાવાળાને બીજાના દુ:ખની સીટી સંભળાતી નથી.
- મારા પરિવારનું આજનું પાત્ર, આવતી કાલનું પ્રભુ પાત્ર બની શકે છે.
- Doubt ઘરની શાંતિને down કરે છે.
- પહેલાં પરિવાર મળે, પછી પરમાત્મા મળે, જ્યારે પ્રભુને માનવાવાળો પરિવાર મળે છે, ત્યારે પ્રભુ મળવા સહજ બની જાય છે.
- જેમને બીજાના ગુણ જોતાં આવડે છે, તે ગુણોનો ગુણાકાર કરે છે, જે અવગુણો જુએ છે તે શાંતિનો ભાગાકાર કરે છે.
- **જે પરિવાર નાની-નાની સમસ્યાને મોટી કરે છે, તે મોટો પરિવાર નાનો થતો જાય છે.**
- જેને ભૂલતાં આવડે, તે ભગવાન બને છે.
- જન્મથી કોઈ સગા બની શકે, પણ સમજથી સહુને વહાલા બનાવી શકાય.
- જેને બધાં સાથે ફાવે, તે પ્રભુ પરિવારનું પાત્ર હોય.



નાનાનો respect કરવો તે જ મોટા બનવાનો Tax છે

તૃતીય દિવસ

Paryushan

My First Step to Parmarth

મારા પરમાર્થની પા... પા પગલી

- પરમાર્થ એટલે જ્ઞાનરૂપી એ સંપત્તિ,
  - જે આપણને પરમ અર્થ સુધી લઈ જાય.
  - જે સમજ બનીને આપણને દુ:ખમાં પણ સુખી કરે.
  - જેને પરમાત્માએ અર્થ માની છે.
  - જે આપણા heartને soft બનાવે.
  - જે જીવનમાં પ્રસન્નતા લાવે.
  - જે પરમાત્માની beliefને આપણી belief બનાવે.
- અર્થ એટલે સંપત્તિ અને પરમ અર્થ અર્થાત્ પરમાર્થ એટલે સમજ !
- દાન શ્રેષ્ઠ છે પણ પરમાર્થ સર્વ શ્રેષ્ઠ છે.
- અર્થને છોડી ન શકાય, પણ પરમાર્થને વધારી શકાય.
- **જીવનનો કોઈ અર્થ નથી, પણ અર્થ નક્કી કરવા માટે જીવન છે.**
- **અર્થને વ્યર્થ** માનવું એ પરમાત્માની માન્યતા હતી. **અર્થને** આપણી **સમર્થતા** માનવી એ આપણી મૂર્ખતા છે.
- જીવન ચલાવવા માટે અર્થની જરૂર હોય છે પણ જીવનને શ્રેષ્ઠ બનાવવા માટે પરમાર્થની જરૂર હોય છે. આપણને અર્થની વ્યર્થતાને સમજીને પરમાર્થને priority આપવી જોઈએ.
- જ્ઞાન ક્યારેય નિષ્ફળ ન જાય, જ્ઞાન ધીરે-ધીરે સંસ્કારોનું સર્જન કરે છે.
- એક જ સમજને વારંવાર ઘુંટવાથી તે આપણી belief બની જાય છે.
- **આ પર્યુષણથી મારો સંકલ્પ : 32 આગમ એકવાર વાંચવા કરતાં, એક આગમને 32 વખત વાંચવું છે.**
- **સત્સંગ એટલે...**
  - મારું અને મારા પરમાત્માનું connection.
  - મારી અને મારા ગુરુ સાથે સહકર્મિતા કરવાનું માધ્યમ.
  - મારી અને મારા પરમાત્માની વિચારધારાને એક કરવાવાળું તત્ત્વ !
- સત્સંગના એક વચનમાં આપણા અનંતકાળને સુધારવાની ક્ષમતા હોય છે.
- મારી અને મારા પરમાત્માની માન્યતા અલગ હોવી એ મિથ્યાત્વ છે અને મારી અને મારા પરમાત્માની માન્યતા એક હોવી તે સમ્યકત્વ છે.
- **'દેવાનુપ્રિય' એક એવો password છે, જે સામેવાળાના heartની fileને open કરી દે છે.**
- સંપત્તિ જ્યાં નિષ્ફળ થઈ જાય, સમજ ત્યાં સફળ થઈ જાય.
- સંપત્તિનું દાન અર્પણ કરવું એ માત્ર દાન છે અને સમજનું દાન અર્પણ કરવું એ પરમાર્થ છે.



Hard heart को soft बनाए वह परमार्थ



ચતુર્થ દિવસ

Paryushan

My First Step to

Daan

મારી દાનની પા... પા પગલી

- મોહ અને આસક્તિની નિદ્રામાં સૂતેલાં આત્માઓને જગાડવા પર્યુષણ મહાપર્વ alarm બનીને આવે છે.
- દાનના અલગ-અલગ પ્રકાર હોય છે.
  અભયદાન: કોઈને જીવનદાન આપવું, ભયથી મુક્ત કરાવવું.
  સહયોગદાન: વિષમ પરિસ્થિતિમાં હોય તેને સમાધાન આપવું.
  શાસન પ્રભાવના દાન: પ્રભુના ધર્મની પ્રભાવના કરવી, શાસનની સેવા કરવી.
- આત્મા જ્યારે 'પર'ના પ્રભાવમાં જાય છે, ત્યારે તેને બે પ્રકારના tax ભરવા પડે છે; (1) પાપ અને (2) પુણ્ય.
- સંસારી આત્મા સંસારમાં હોય ત્યાં સુધી 'પર'નો ઉપભોગ કરતો હોય છે. જ્યારે આપણે 'પર'નો ઉપભોગ કરીએ છીએ, ત્યારે આપણે 'પર'ને કાંઈક આપવું પણ જોઈએ.
- જે આત્મસ્થ હોય તેને જ્ઞાનની અને જે સંસારમાં હોય તેને દાનની જરૂર હોય.
- પરમાર્થી - જે લે કાંઈ નહીં, આપે ઘણું બધું.
- સ્વાર્થી - જે લે ઘણું બધું, આપે કાંઈ નહીં.
- **આપણા progressના સમય પર નહીં, પણ problemsના સમયે જે partner બને, તે સાધર્મિક હોય.**
- મન, વચન અને કાયાના યોગોથી, શાસન માટે યોગદાન અર્પણ કરવું, એ શ્રેષ્ઠ દાન કહેવાય છે.
- શાસનની સેવા કરતી વખતે સલાહ 20% અને સહયોગ 80% આપવો જોઈએ.
- સંપત્તિની બે દિશા હોય છે. એક સંસાર વધારે છે, એક સંસાર ઘટાડે છે. સંપત્તિ સંસારનું કારણ પણ બને છે અને મુક્તિનું કારણ પણ બને છે.
- મારું અનુદાન કોઈની સમસ્યાનું સમાધાન બનવું જોઈએ.
- જો તમને કોઈનું દુ:ખ ન દેખાય, તો સમજજો તમારી આંખોમાં તમારા સુખના સ્વાર્થના cataract આવી ગયાં છે.
- **Help કરવા માટે money પછી, પહેલાં મન જોઈએ.**
- **કોઈની વેદનામાં speaker નહીં, supporter બનવું જોઈએ.**
- જેના હૃદયમાં આજે કોઈના માટે ચિંતા છે, કાલે goodluck એની ચિંતા કરવા લાગે છે.
- પરિગ્રહ વધારે એવા પરિચિતોથી દૂર રહેવું, પરિગ્રહ ઘટાડે એવાને સ્વજન માનવા.
- **કોઈ પડી જાય ત્યારે તેની ટીકા ન કરાય, પણ તેને ટેકો આપી ઊભા કરાય.**

जो 'पर' है, वह परिग्रह हैं,
परिग्रह का
त्याग ही दान हैं

પંચમ દિવસ

Paryushan

Bhagwan Mahavir Janmotsav

ભગવાન મહાવીર જન્મોત્સવ

- જે તીર્થંકરોનો જન્મોત્સવ હર્ષોલ્લાસથી ઉજવે છે, તેમને પ્રભુ પરિવારમાં જન્મ મળે છે.
- પ્રભુ વીરના ભાવોમાં એટલી વિશુદ્ધિ હતી કે, અવની પર એમના અવતરણ પહેલાં જ પ્રકૃત્તિએ એમના સ્વાગતની તૈયારી શરુ કરી દીધી હતી.
- વર્ધમાન અને મહાવીર - પ્રભુના બંને નામ ગુણયુક્ત છે. ગુણયુક્ત નામનું સ્મરણ કરવાથી, આપણે પણ ગુણયુક્ત થઈ જઈએ છીએ.
- **એક 'મા' માત્ર બાળકના structureને જ જન્મ નથી આપતી ગર્ભમાંથી જ એના natureનું પણ સર્જન કરે છે.**
- **પ્રભુ મહાવીર supervisor નહીં, super visionary હતા.**
- પ્રભુ સદાય વર્તમાનમાં રહેતાં હતાં.
- જે presentમાં (વર્તમાનમાં) રહે છે, એમને જ શાંતિ અને સમાધિની present (gift) મળે છે.
- વર્ધમાનનું બીજું નામ છે, positivity!

પ્રભુવીરની માતા ત્રિશલાને આવેલ 14 મહાસ્વપ્નની વિશેષતાઓ :

• હસ્તિરત્ન •

વિનય અને પ્રસિદ્ધિને વર્ધમાન કરે છે.

• વૃષભ •

સંકલ્પ સિદ્ધિ અને બળને વર્ધમાન કરે છે.

• કેસરી સિંહ •

નિર્ભયતા, વીરતા અને પ્રભાવકતાને વર્ધમાન કરે છે.

• શ્રી લક્ષ્મીજી •

આર્થિક, આધ્યાત્મિક અને આત્મિક સંપત્તિને વર્ધમાન કરે છે.

• પુષ્પમાળા •

સદ્‌ગુણોને વર્ધમાન કરે છે.

• ચંદ્ર •

શીતળતા, શાંતિ, સમાધિ અને પ્રસન્નતાને વર્ધમાન કરે છે.

• સૂર્ય •

તેજસ્વીતા, જ્ઞાન અને visionને વર્ધમાન કરે છે.

• ધ્વજા •

કોઈપણ ક્ષેત્રમાં વિજય પ્રાપ્ત કરાવે છે. નિ:સ્વાર્થતાના ગુણને વર્ધમાન કરે છે.

• કળશ •

આવાસમાં પવિત્રતા અને positivityને વર્ધમાન કરે છે.

• પદ્મસરોવર •

અલિપ્તતા, અનાસક્તિ, વૈરાગ્ય અને સૂરી સંપત્તિને વર્ધમાન કરે છે.

• ક્ષીરસમુદ્ર •

વિશાળતા, પ્રસન્નતા, પ્રેમ અને આનંદને વર્ધમાન કરે છે.

• દેવ વિમાન •

શક્તિ અને પ્રગતિને વર્ધમાન કરે છે.

• રત્નરાશિ •

આત્મગુણો અને આત્મ સામર્થ્યને વર્ધમાન કરે છે.

• નિધૂમ અગ્નિ •

સત્યના inner visionને વર્ધમાન કરે છે.

મારું આજનું સ્વપ્ન :

મારી માતાને પણ કયારેક 14 મહાસ્વપ્ન આવે એવો મારો પુરુષાર્થ હોવો જોઈએ જેથી મારો next જન્મ ધર્મ ચક્રવર્તીનો હોય !

ષષ્ટમ દિવસ

Paryushan

My First Step to Tapasya

મારી તપની પા... પા પગલી

- જ્યારે આત્મા પ્રત્યે જાગૃતતા આવે છે, ત્યારે જિનશાસનનું મળવું સાર્થક થાય છે.
- જિનશાસન મળે છે પુણ્યથી પણ સાર્થક થાય છે સ્વયંની પ્રજ્ઞા અને પુરુષાર્થથી !
- સંસારના સર્વ જીવોના દુ:ખનું મૂળ છે, ઇચ્છા !
- સંસારનું કારણ છે ઇચ્છા.
  ઇચ્છાના મૃત્યુ માટે છે તપ !
- Desire or demandને છોડવાનો પુરુષાર્થ કરવો, તેનુ નામ તપ.
- **તપનો હેતુ:** ઇચ્છા પર control લાવવો. જીવનમાં અપરિગ્રહ ભાવ લાવવો, આસક્તિને ઘટાડવી.
- Desire is the mother of bad qualities.
- ઇચ્છા છૂટે તો સંસાર છૂટે, ઇચ્છા વધે તો સંસાર વધે.
- જૈન દર્શનનો સાર :
  । छंदं निरोहेण उवेइं मोक्खो ।

જે પોતાની ઇચ્છાનો આગ્રહ છોડે છે, તેનો શીઘ્ર મોક્ષ થાય છે.

- સમ્યક તપ - પોતાની ઇચ્છા પર control.
- **સ્વયં સાથે સ્વયંનો વાસ, એ છે સમ્યક ઉપવાસ !**
- **ઈચ્છા નિરોધ કરાવનારું સર્વ શ્રેષ્ઠ તપ છે વિનય !**
- **ઇચ્છા નહીં, ઇચ્છાને જ પૂરી કરી નાખે તે ગુરુ હોય.**
- ગુરુનું અનુશાસન મળવું, એ શિષ્યની સાર્થકતા હોય છે.
- સમર્પિતને સન્માનની ઇચ્છા ન હોય, જેને સન્માનની ઇચ્છા હોય, તે સમર્પિત ન હોય.
- પોતાની ઇચ્છામાં રહેવાવાળા અશાંતિને આમંત્રણ આપે છે અને પોતાની ઇચ્છાને છોડવાવાળા સમાધિને આમંત્રણ આપે છે.
- **જે પોતાના mood પર પ્રભુત્વને પામી લે છે, તે શુક્લ લેશ્યાના અધિકારી હોય છે.**
- **આપણે આપણા body સાથે આપણા thoughtsને પણ detox કરવા જોઈએ.**
- **વિવિધ પ્રકારના ઇચ્છા નિરોધ તપ :**
  - અઠવાડિયામાં 2 દિવસ mirrorમાં ન જોવું, mirrorનો ઉપયોગ ન કરવો.
  - અઠવાડિયામાં 2 દિવસ combનો ઉપયોગ ન કરવો, વાળ ન ઓળવા.
  - એક જ વસ્ત્રો 2 દિવસ સુધી continue પહેરવા.
- ભૂખ લાગી હોય, સામે પીરસેલી થાળી તૈયાર હોય, ત્યારે 2 mins થાળીમાં રહેલાં આહારના પદાર્થોને જોતાં રહેવું અને પછી જ ભોજન શરુ કરવું.

स्वयं के साथ
स्वयं का वास
वो होता है- उपवास

સપ્તમ દિવસ

Paryushan

My First Step to Humility

મારી નમ્રતાની પા... પા પગલી

- **પર્યુષણ મહાપર્વ :**
  - નમ્રતાને વધારવાનું પર્વ.
  - ઝૂકાવવાનું નહીં, ઝૂકવાનું પર્વ.
  - સ્વભાવને પરિવર્તિત કરવાનું પર્વ.
  - Egoની ગાંઠને ખોલવાનું પર્વ.
  - પારિવારિક પ્રેમનો ધર્મ શીખડાવનારું પર્વ.
  - ગુણ પ્રાગટ્યનો ધર્મ શીખડાવનારું પર્વ.
  - ખુશી મનાવવાનું નહીં, ખુશી પ્રગટાવવાનું પર્વ.
- પર્યુષણ મહાપર્વ 1 વર્ષના જૈનત્વને renewal કરવાનો rubber stamp નથી પણ જનમોજનમના સદ્‌ગુણોને recharge કરવાનું પર્વ છે.
- પર્યુષણ મહાપર્વ આત્મિક rigidityને down કરી, આત્મિક નમ્રતાને develop કરવા માટે હોય છે.
- **ક્રોધી હજુ પણ ક્ષમા આપી શકે, પણ અહંકારી ક્યારેય ક્ષમા ન આપી શકે.**
- **આ જગતનો સૌથી મોટો ego છે : 'I am perfect!'**
- Ego- Relationsના clothesને કાપવાવાળી scissor!
- Perfect નામનો ego છોડનાર વ્યક્તિ જ આ જગતનો સૌથી perfect person હોય છે.
- **'હું તો ભૂલ કરતો જ નથી.' આ ego જ આપણને ભૂલ કરાવે છે.**
- આપણી language અને આપણી body language જ આપણા પરિવારને સ્વર્ગ અથવા નર્ક બનાવે છે.
- નમ્રતાની નિધિ હોય એનો સદાય વિકાસ હોય.
- **Suggestionની પાછળ રહેલાં જ્ઞાનને તો બધાં જાણી શકે છે, પણ suggestionsની પાછળ રહેલાં અભિમાનને કોઈ ઓળખી શકતું નથી.**
- જ્યારે આપણે વણમાગી સલાહ આપીએ છીએ ત્યારે આપણે આપણા egoને satisfy કરીએ છીએ અને સામેવાળાના egoને hurt કરીએ છીએ.
- **જ્યાં respect ન હોય, ત્યાં suggestionની effect નહીં, side effect વધારે હોય.**
- પરિગ્રહ અહંકારનું regulator હોય છે.
- જેનો nature બદલાઈ જાય, તે structure free સિદ્ધ ભગવાન બની જાય.
- ગુરુ એમના super vision થી supervisorના રૂપમાં આપણી આસપાસ હોય છે.



गुणो के परिग्रह का अहंकार भी अपने आप में अवगुण होता है।

અષ્ટમ દિવસ

Paryushan

My First Step to Forgiveness

મારી ક્ષમાની પા... પા... પગલી

સંવત્સરી મહાપર્વ :

- પોતાની અંદરના memory partને clean કરવાનો અવસર.
- પોતાની વૃત્તિને check કરવાનો અવસર.
- અણગમાને વોસિરાવવાનો અવસર.
- Egoને zero કરવાનો અવસર.
- **અબોલાને અપ્પાણં વોસિરામિ કરવાનો અવસર.**
- સામેવાળાના સ્વભાવને બદલવાનો અવસર.
- બીજાની ભૂલોનો જે stock brainમાં ભર્યો હોય, તેને remove કરવાનો અવસર.

- **સંવત્સરી** - આખા વર્ષના ભારને હળવા કરવાનો અવસર.
- **આલોચના** - પ્રભુની સમક્ષ open થવું.
- **પ્રતિક્રમણ** - સ્વયંને વિશુદ્ધ કરવા
- આત્માના પ્રક્ષાલનને પ્રતિક્રમણ કહેવાય છે.
- જે ભૂલને ભૂલે છે, તે ભગવાન બને છે.
- **કોઈની ભૂલોને જોવી, એ પણ એક પ્રકારનો રોગ હોય છે.**
- સ્વયંને સુધારવા માટે unlimited પુરુષાર્થ કરો. અન્યને સુધારવા માટે limited પ્રયત્ન કરો.
- **Pastનું postmortam નહીં, પણ futureને સુધારવાનો પુરુષાર્થ કરવો જોઈએ.**
- જેમને અન્યના સદ્‌ગુણોને શોધતાં આવડી જાય, એમની સંવત્સરી સાર્થક થઈ જાય.

  પ્રેરણા : તમારા પરિવારજનોના ગુણોની ડાયરી બનાવો.

  એક page પર પરિવારની વ્યક્તિના ગુણો લખો. સામેના page પર સ્વયંની ભૂલોને લખો.
- જ્યારે હૃદયમાં સદ્‌ભાવ પ્રગટે છે, ત્યારે સામેવાળાના સદ્‌ગુણો દેખાય છે અને ત્યારે જ 'ભૂલ મારી હતી' એ વાક્ય સહજતાથી બોલી શકાય છે.
- **વેર તો સ્મશાનની રાખમાં પણ રાખ ન થાય, એ તો ભવોભવ સાથે આવે.**
- ગુસ્સો મન, વચન, કાયામાં હોય, વેર આત્મામાં હોય.
- **અણગમો :** અંદરના અબોલાને અણગમો કહેવાય છે. Over thinking અણગમાને વધારે છે. ગુસ્સા કરતાં પણ ખરાબ હોય છે અણગમો !
- **ક્ષમા માંગવા માટે અહંકાર છોડવો પડે. ક્ષમા આપવા માટે અણગમો છોડવો પડે.**
- અણગમો દ્વેષનું સર્જન કરે. દ્વેષ વેરનું સર્જન કરે. વેર મન, વચન, કાયામાં ઝેરનું સર્જન કરે.
- જે મન, વચન, કાયામાં ઝેર રાખે છે, તેનું ભાવિ ઝેરમય હોય છે.
- જેના સંબંધોમાં કડવાશ નહીં, પણ હળવાશ હોય, તેની સંવત્સરી સાર્થક હોય.

> जो किसी की भूल को भूल जाता है, वह भगवान बन जाता है
>
> "

Global
PARYUSHAN Mahaparva 2021

રાત્રિ પ્રવચનમાળામાં North Americaના 72 Jain centresને જોડતી Americanની શિરસ્થ સંસ્થા JAINA - America ના ઉપક્રમે પરદેશના લાખો ભાવિકો પરમ ગુરુદેવના Special પ્રવચન દ્વારા પ્રેરિત, બોધિત અને ભાવિત થયાં.

JAINA પ્રમુખ શ્રી મહેશભાઈ વાધરે એ માતૃભૂમિથી દૂર-દૂર America માં settle થયેલાં Indians પર અનંતી કરુણા કરી, આત્મજાગૃતિરૂપ પરમ બોધથી ભાવિત કરવા બદલ પરમ ગુરુદેવ પ્રત્યે ઉત્કૃષ્ટ અહોભાવ સાથે ઉપકારભાવ વ્યક્ત કરી, ફરી-ફરી કરુણા કરી પ્રભુવાણીથી પ્રેરિત અને ભાવિત કરવા નમ્ર વિનંતી કરી હતી.

America‌ના Mediaમાં થયો જૈન ધર્મનો જયકાર

The South Asian Times
excellence in journalism

HOME > LATEST NEWS, E-PAPER-STORIES >

JAINS IN AMERICA CELEBRATE PARYUSHAN WITH FERVOR AND FANFARE

Jains in America celebrate Paryushan with fervor and fanfare

Sep 10, 2021 As the Jain community across America observed the Paryushan Mahaparva, the 8-day festival of inner purity this week, JAINA (Federation of Jain Associations in North America) was blessed with live Paryushan sessions from a renowned Jain ascetic in India,

રાત્રિ પ્રવચનમાળાની પ્રેરણા...

- पर्युषण calender में 8 दिन के लिए ही आते हैं पर हमें अपने character में 365 दिन के लिए लाने हैं।
- बाहर की दुनिया से जो मार्गदर्शन प्राप्त होता है उसे Ritual कहा जाता है। स्वयं के inner voice द्वारा जो प्रभु path बनता है, उसे Spiritual कहा जाता हैं।
- जब हम विधि को पकड़ते हैं तब हम पंथ को पकड़ लेते हैं। जब विनय को पकड़ते हैं तब हम परमात्मा को पकड़ लेते हैं।
- जहाँ पंथ से ज्यादा परमात्मा का महत्व होता है वहाँ हमेशा प्रगति होती हैं।
- पदार्थ का shopping करते-करते जब आप परमार्थ का shopping करने लगे तब समझना जैनत्व खिल गया हैं।
- दान के बाद नाम और मान, दोनों ही दान की side effect होती हैं।
- Greatness owner बनने में नहीं पर donor बनने में हैं।
- सत्कार्य ही हमारी सच्ची संपत्ति होती हैं।
- मेरे परमात्मा मेरे गुण नायक, मुझे बनना है उनका गुण ग्राहक।
- भगवान महावीर की life अर्थात् No Cry, No Complaint, No Comment, No Command, No Comfort, No Calculation
- अपनी भूल का इकरार करने वाले प्रभु के साथ एकाकार हो सकते हैं।

સુકૃતનો સદ્‌ભાવ - દાન !

શ્રાવકના ચાર કર્તવ્યોમાં એક કર્તવ્ય હોય છે, દાન !

નાનામાં નાની વ્યક્તિઓ પણ પોતાનું 'દાન'નું કર્તવ્ય નિભાવી શકે, એ ભાવ સાથે પરમ ગુરુદેવે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ 8 દિવસ આઠ અલગ-અલગ વસ્તુઓના દાનની પ્રેરણા કરતાં લાખો જરૂરિયાતમંદોને જરૂરી સહાય પ્રાપ્ત થતાં શાતા અને સંતોષનો અનુભવ થયો છે.

દાનની પ્રેરણા:

ઘાસનું દાન, અન્ન દાન, Books & Stationery દાન, વસ્ત્ર દાન, મિઠાઈનું દાન એવમ્ કબુતરને ચણની પ્રેરણા કરવામાં આવી હતી.

જીવદયા યોજના :

પરમ ગુરુદેવની પ્રેરણાથી સૌરાષ્ટ્રના અબોલ જીવોના ઘાસચારા માટે ઘાટકોપરના ગુરુભક્ત દ્વારા રૂપિયા 1 કરોડનું અનુદાન જાહેર થયું હતું અને પાંજરાપોળના નિર્માણ માટે અઢી કરોડ રૂપિયાનું અનુદાન જાહેર થયું હતું.

અભયદાન અર્પણમ્ :

'दाणाण सेट्ठं अभयप्पयाणं,' દાનમાં સર્વશ્રેષ્ઠ અભયદાન છે, એ ભાવ સાથે મહા જીવદયા પ્રતિપાલક પ્રભુ મહાવીરના જન્મોત્સવ અવસરે 500 પક્ષીઓને અભયદાન આપી મુક્ત ગગનમાં ઉડવા માટે મુક્ત કરવામાં આવ્યા હતાં.

પરમ પ્રસાદ :

ભગવાન મહાવીર જન્મોત્સવ અવસરની ખુશાલીમાં 1,11,111 લાડવા ગરીબોને અર્પણ કરી, દરેકને મીઠાં મોઢાં કરાવ્યાં હતાં.

મા સ્વામી સાધર્મિક સહાય યોજના :

શાસનદીપક ગુરુદેવ પૂજ્ય શ્રી નરેન્દ્રમુનિ મહારાજ સાહેબ તેમજ મા સ્વામી-પૂજ્ય શ્રી જય-વિજયાજી મહાસતીજીની પરમ સ્મૃતિમાં ઉદારદિલા ધર્મવત્સલા શ્રી બીનાબેન અજયભાઈ શેઠ-કવેસ્ટ ફાઉન્ડેશન-સાયનના અનુદાનથી શ્રી સરદારનગર સ્થા. જૈન સંઘના ઉપક્રમે **મા સ્વામી સાધર્મિક સહાય** યોજના અંતર્ગત સૌરાષ્ટ્રના સાધર્મિક જરૂરિયાતમંદ દરેક ભાવિકોને રૂા. 10,000ની સહાય અર્પણ કરવામાં આવશે.

વડીલ વાત્સલ્ય યોજના :

પરમ ગુરુદેવની પ્રેરણાથી ગોંડલ સંપ્રદાય સંસ્થાપક આચાર્યદેવ પૂજ્ય શ્રી ડુંગરસિંહજી સ્વામી સ્વર્ગારોહણ દ્વિશતાબ્દી અવસરે અર્હમ ટ્રસ્ટ અમેરિકા અને JAINAના સહયોગથી વડીલ વાત્સલ્ય યોજના અંતર્ગત ગોંડલ નવાગઢ સ્થા. જૈન સંઘ, ગોંડલના ઉપક્રમે સમગ્ર સૌરાષ્ટ્રના શ્રીસંઘોના જે વડીલ વૃદ્ધ સભ્યો એકલવાયું જીવન વ્યતીત કરતાં હોય તે દરેકને રૂા. 21,000ની સહાય અર્પણ કરવામાં આવશે.

માતા ત્રિશલાના 14 મહાસ્વપ્નના પ્રતિકને વધાવતાં લાભાર્થી ભાવિકો

1. હસ્તિરત્ન: શ્રી કેતનભાઈ પટેલ-કાંદિવલી **2. ઋષભ:** શ્રી ભારતીબેન કિશોરભાઈ શાહ-અમદાવાદ **3. કેસરી સિંહ:** શ્રી મેહુલભાઈ શાહ-લોખંડવાલા
4. લક્ષ્મીદેવી: શ્રી ગાલા પરિવાર-મુંબઈ વતી ભાવિકો ગ્રહણ કરતાં **5. પુષ્પમાલા:** શ્રી S.P.M. પરિવાર-ઘાટકોપર
6. ચંદ્ર: શ્રી અતુલભાઈ વસાણી-બોરિવલી **7. સૂર્ય:** શ્રી રૂપાણી પરિવાર-ઘાટકોપર **8. ધ્વજ:** માતુશ્રી તારાબેન ચુનીલાલ મોદી-બાદશાહ પરિવાર-કાંદિવલી

માતા ત્રિશલાના 14 મહાસ્વપ્નના પ્રતિકને વધાવતાં લાભાર્થી ભાવિકો

9. પૂર્ણ કલશ: શ્રી દિલીપભાઈ દેસાઈ-કોલકાતા (વિલેપાર્લે) વતી ભાવિકો ગ્રહણ કરતાં **10. પદ્મ સરોવર:** શ્રી મિલીબેન જીગરભાઈ શેઠ (ગોમટાવાળા)-મુંબઈ **11. ક્ષીર સમુદ્ર:** શ્રી રાજેશભાઈ કોઠારી-ઘાટકોપર **12. દેવ વિમાન:** શ્રી દિનેશભાઈ પંડ્યા-રાજકોટ **13. રત્ન રાશિ:** શ્રી મીનાબેન શૈલેશભાઈ દેસાઈ-વિલેપાર્લે **14. નિર્ધૂમ અગ્નિ:** શ્રી આશિતભાઈ મહેતા-દુબઈ **15.** લાભાર્થી પરિવાર ત્રિશલામાતા પ્રત્યે અહોભાવ પ્રગટ કરી રહ્યાં **16. પારણીયું:** શ્રી મનનભાઈ પરાગભાઈ શાહ-ઘાટકોપર

Inner Cleaning ધ્યાન સાધના
મનથી મનની વાત

અષ્ટ કર્મ અંતર યાત્રા આરાધના બાદ,
એ ભાવોને implement કરવા અપાયા પ્રતિદિનના TASKS:

- **જ્ઞાનાવરણીય કર્મ:** 9 times ॐ ऐं नमः મંત્ર જાપ દિવસમાં ત્રણ વાર કરવા અને કોઈ પણ જીવને શ્રેષ્ઠ, શાશ્વત નમસ્કાર મહામંત્ર સંભળાવવો.

- **દર્શનાવરણીય કર્મ:** આજે જ્યારે તમને સખત ઊંઘ આવે ત્યારે સૂવાનું નહીં, પણ 9 મિનિટ માટે ઊભા રહી સંકલ્પ કરવાનો કે, મારે મારી નિદ્રા અને પ્રમાદને overcome કરવા છે.

- **વેદનીય કર્મ:** આજે કોઈ અજાણી વ્યક્તિને ધર્મના ઉપકરણ- મુહપતિ, ધાર્મિક પુસ્તક આદિ અથવા ધર્મબોધ અર્પણ કરવો.

- **મોહનીય કર્મ:** આજે તમારી આસપાસ જે પુદ્ગલ દેખાય, એના ઉપર tag લગાવવું.
`તુ પુદ્ગલ છે, હું આત્મા છું, You are a matter, I am a Soul.'

- **આયુષ્ય કર્મ:** કોઈ પણ એક ધર્મ પુસ્તકના 5 pages read કરીને પછી જ એક glass પાણી વાપરવું.

- **નામ કર્મ:** આજે આખો દિવસ comb નો ઉપયોગ ન કરવો, આજે આખો દિવસ mirror માં નહીં જોવાનું.

- **ગોત્ર કર્મ:** આજે આખો દિવસ spoon નો ઉપયોગ ન કરવો.

- **અંતરાય કર્મ:** કોઈપણ જીવ ચાહે મનુષ્ય હોય યા પશુ-પક્ષી, તેઓ આહાર કરતાં હોય, ત્યારે તેમને દૂર ન કરવા, disturb ન કરવા.

Inner Cleaning

ધ્યાન સાધનામાં પરમ ગુરુદેવે આખુ વર્ષ આત્મવિશુદ્ધિની અસર રહે અને એવો પુરુષાર્થ કરી શકીએ એવી આંતરિક શુદ્ધિની અંતરયાત્રા કરાવી હતી. સ્વયંની વૃત્તિઓની અનુપ્રેક્ષા કરાવી હતી. 'સ્વ' સાથે introspection કરાવ્યું હતું.

'खमेह अवराह मे' કહીને, કાન પકડીને દોષ વિશુદ્ધિ કરી રહ્યાં ભાવિકો

ધ્યાનસ્થ મુદ્રામાં સ્થિર બનીને આત્મ અનુપ્રેક્ષા કરી રહ્યાં ભાવિકો

અંતરની આંખે આત્મ આલોચના :

સંવત્સરીની બપોરે પરમ ગુરુદેવે બહારની આંખો બંધ કરાવી અંતરની આંખોથી આત્મ નિરીક્ષણ કરાવી, આખા વર્ષ દરમ્યાન કરેલાં એક-એક પાપ-દોષો, ભૂલો અને ક્ષતિઓની સ્મૃતિ સાથે આલોચના કરાવી ત્યારે દેશ-વિદેશના લાખો જૈન-અજૈન ભાવિકોએ પશ્ચાતાપની પાવન ગંગામાં કર્યું હતું આત્મ સ્નાન !

અશ્રુની વહેતી ધારામાં એક-એક પાપ અને એક-એક દોષોને વહાવી, શુદ્ધ હૃદયે, નિર્મળ અને સમૂહમાં અંગીકાર કરી હતી શ્રાવક દીક્ષા અને સંયમિત જીવનશૈલીના ભાવ સાથે ગ્રહણ કર્યા હતાં શ્રાવકના 12 અણુવ્રતો !

એક સાથે એક સમયે સંવત્સરીની સંધ્યાએ દેશ-વિદેશના લાખો ભાવિકોએ ગુંજવ્યો 'तस्स मिच्छामि दुक्कडम्'નો દિવ્ય નાદ !

સંવત્સરી પ્રતિક્રમણની સમજ આપતાં પરમ ગુરુદેવે ફરમાવ્યું હતું કે, મન નામની factory માંથી problems નામની products ત્યારે જ produce થાય છે જ્યારે raw materials માં સ્વાર્થ, લોભ, કપટ, ક્રોધ આદિ હોય છે.

સંવત્સરી પ્રતિક્રમણનો હેતુ છે, 'तस्स मिच्छामि दुक्कडम्' નામના lock થી એ factory ને બંધ કરી દો અથવા એના raw materials ને બદલી નાખો. એ factory માં પરમાર્થ, સહાય, નમ્રતા, વિનય નામના raw materials નો ઉપયોગ કરશો તો problems ની જગ્યાએ peace અને પ્રસન્નતાની products produce થશે, જે તમને શાંતિ, સુખ અને સમાધિ આપશે.

સંવત્સરી પ્રતિક્રમણ દ્વારા negativity થી positivity તરફની યાત્રા શરૂ કરવાની છે, પાપ-દોષોનું વિસર્જન કરી, સ્વયંના nature, વ્યવહાર અને સ્વભાવને change કરવાના છે. આ ભાવ સાથે પરમ ગુરુદેવે પ્રતિક્રમણના એક-એક પાઠ પાછળના secrets ની સંક્ષિપ્ત સમજ આપી હતી.

તપસ્વી પારણા અવસર :

પરમધામમાં પધારેલા દરેક તપસ્વી ભાવિકોના પારણાની અનુમોદનાનો અનન્ય લાભ ઘાટકોપરના શ્રી છેડા પરિવાર દ્વારા લેવામાં આવ્યો હતો. ગુરુભક્ત શ્રી પ્રફુલ્લભાઈ શાહ પરિવાર, રાજકોટના શ્રી હિતેનભાઈ મહેતા પરિવાર, તેમજ પરમધામ committee members તપસ્વી ભાવિકોની અનુમોદના કરી ધન્ય બન્યા હતા. માસક્ષમણના તપસ્વી ભાવિકોને આ અવસરે gold coin તેમજ અન્ય તપસ્વીઓને silver coin અર્પણ કરીને તેઓના તપની અનુમોદના કરવામાં આવી હતી.

જુનાગઢના આંગણે પર્યુષણમાં ધર્મ આરાધના

શ્રી જુનાગઢ સ્થા. જૈન સંઘમાં ડૉ. પૂજ્ય શ્રી ડોલરબાઈ મહાસતીજી, પૂજ્ય શ્રી પૂર્ણાબાઈ મહાસતીજી, પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજી, પૂજ્ય શ્રી પરમ ઋજુતાજી મહાસતીજી, પૂજ્ય શ્રી પરમ સમ્યકતાજી મહાસતીજી અને પૂજ્ય શ્રી પરમ અનુભૂતિજી મહાસતીજીના સાંનિધ્યમાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ ધ્યાન સાધના, પ્રવચન, બાલ પર્યુષણ, ભગવાન મહાવીર જન્મોત્સવ અને સંવત્સરીની આરાધના સાથે ભક્તિ ભાવે ઉજવાયા.

Look N Learn જૈન જ્ઞાનધામના બાળકો દરરોજ નાની-નાની પ્રેરણાત્મક નાટિકા પ્રસ્તુત કરતાં હતાં, જેમાં Beauty without cruelty નાટિકાને નિહાળી અનેક ભાવિકોએ આજીવન beauty products ન વાપરવાની પ્રતિજ્ઞા કરી હતી. અનેક ભાવિકોએ 16 ઉપવાસ, 11 ઉપવાસ, 9 ઉપવાસ અને અઠ્ઠાઈ તપની આરાધના કરી હતી.

ભગવાન મહાવીર જન્મોત્સવ અવસરે એક ભવ્ય નાટિકા પ્રસ્તુત કરવામાં આવી હતી અને એનો લાભ 600 થી વધુ ભાવિકોએ લીધો હતો.

બાલ પર્યુષણ અંતર્ગત fancy dress competition, સમવસરણ ભાવ યાત્રા, સંયમની ભાવના સાથે રજોહરણ અને પાત્રા સાથેનું નૃત્ય અને બાળ આલોચના સાથે એક દિવસ બાળકોને મંદબુદ્ધિવાળા બાળકોના આશ્રમમાં લઈ જઈ કર્મની સમજ આપી હતી.

॥ धन्ने सिणं तुमं देवाणुप्पिया ॥

ધન્ય છે તપસ્વીરત્નોને !

તપ એ સાધુ અને શ્રાવક બંનેનું કર્તવ્ય છે. તપસાધના કરવી એટલે અસંખ્ય જીવોને અભયદાયદાન અર્પણ કરવું. તીર્થંકરો પણ તપસાધના દ્વારા કર્મક્ષયનો પુરુષાર્થ કરતાં અને દેવો પણ તપ આરાધકોને નમસ્કાર કરે છે, એવી છે જૈનધર્મમાં તપની મહત્તા અને તપની ગરિમા !

આમ તો પરમધામ સાધના સંકુલમાં ચાતુર્માસ મંગલ પ્રવેશથી જ માસક્ષમણ જેવી ઉગ્ર તપસ્યાનો પ્રારંભ થઈ ગયો હતો. 5 જ મહિનાની દીક્ષા પર્યાય છતાં ગુરુકૃપા પર દઢ વિશ્વાસ અને સ્વયંના મક્કમ મનોબળ સાથે નૂતન દીક્ષિત પૂજ્ય શ્રી પરમ સંવેગીજી મહાસતીજી એવં પૂજ્ય શ્રી પરમ નેમિશ્વરાજી મહાસતીજી અને 2 વર્ષની દીક્ષા પર્યાયમાં દ્વિતીય માસક્ષમણની તપસાધના કરી છે પૂજ્ય શ્રી પરમ નમસ્વીજી મહાસતીજીએ !

પર્વાધિરાજ પર્યુષણમાં તપસાધનામાં પરમ મહાસતીજીઓ સાથે જોડાયાં દેશ-વિદેશના 750 તપસ્વી આરાધકો અને 550 બાળકો જોડાયાં બાળ દ્રવ્ય તપની 1 મહિનાની તપ સાધનામાં !

સિદ્ધિ તપ, ધર્મચક્ર તપ, રત્નરાશિ તપ, માસક્ષમણ, 16 ઉપવાસ, 11 ઉપવાસ, 9 ઉપવાસ અને અઠ્ઠાઈ જેવી કર્મની નિર્જરા કરાવતી ઉત્તમ તપસાધનામાં પ્રતિદિન પરમ ગુરુદેવના શ્રીમુખે પચ્ચક્ખાણ ગ્રહણ કરી ધન્ય બન્યાં સહુ તપસ્વીઓ !

માસક્ષમણ તપ

પૂજ્ય શ્રી પરમ નમસ્વીજી મહાસતીજી, નવદીક્ષિત પૂજ્ય શ્રી પરમ નેમિશ્વરાજી મહાસતીજી, નવદીક્ષિત પૂજ્ય શ્રી પરમ સંવેગીજી મહાસતીજી

સિદ્ધિ તપ

પૂજ્ય શ્રી પરમ વિરક્તાજી મહાસતીજી, પૂજ્ય શ્રી પરમ અર્પિતાજી મહાસતીજી

ધર્મચક્ર તપ

પૂજ્ય શ્રી પરમ સમાધિજી મહાસતીજી, પૂજ્ય શ્રી પરમ ગરિમાજી મહાસતીજી

16 ઉપવાસ

પૂજ્ય શ્રી પરમ પ્રતિષ્ઠાજી મહાસતીજી, પૂજ્ય શ્રી પરમ કૃપાજી મહાસતીજી, પૂજ્ય શ્રી પરમ પાવનતાજી મહાસતીજી
પૂજ્ય શ્રી પરમ આરાધ્યાજી મહાસતીજી, નવદીક્ષિત પૂજ્ય શ્રી પરમ સુરમ્યાજી મહાસતીજી, નવદીક્ષિત પૂજ્ય શ્રી પરમ ઋષિમિત્રાજી મહાસતીજી

15 ઉપવાસ

પૂજ્ય શ્રી પરમ ઋષિતાજી મહાસતીજી

11 ઉપવાસ

પૂજ્ય શ્રી પરમ આત્મિયાજી મહાસતીજી

મારે થાવું છે હળવા હળવા (4)

ક્ષમાપના (4)

કરવી છે મુજને ક્ષમાપના, હળવો થશે મારો આત્મા
કરવી છે મુજને ક્ષમાપના, હળવો થશે મારો આત્મા
પ્રભુના સ્મરણમાં, ગુરુના શરણમાં
મારે થાવું છે હળવા હળવા

મારે થાવું છે હળવા હળવા (4)

ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા વિ ખમંતુ મે
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેર મજ્ઝં ન કેણઈ

હું દોષ કોઈનો ન માનું, હવે વેર કોઈથી ન રાખું
પ્રેમ સહુ પર હું રાખી, હળવાશ હૈયે હું રાખું
પ્રેમ સહુ પર હું રાખી, હળવાશ હૈયે રાખું
મારે થાવું છે હળવા હળવા

મારે થાવું છે હળવા હળવા (4)

ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા વિ ખમંતુ મે
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેર મજ્ઝં ન કેણઈ

આજે અંતરથી થાય ક્ષમાપના
મારે થાવું છે હળવા હળવા (3)
ક્ષમાપના... ક્ષમાપના... ક્ષમાપના...(4)
I am Sorry (3)

Scan to watch on

www.youtube.com/ParasdhamTV

■ Nitin Khara ■ Nalin Khara ■ ILesh Khara
Call: 7620 250 251
Confidence Petroleum India Limited
Head Office : 4th Floor, Landmark, Above Big Bazaar, Wardha Road, Nagpur - 440012
Website: www.confidencegroup.co ■ gogas@confidencegroup.co ■ www.elitegogas.com ■ info@elitegogas.com ■ elitegogas

Registered with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MCN/94/2020-2022 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2020-2022
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-10-2021

Inspired by Rashtrasant Param Gurudev Shree Namramuni Maharaj Saheb

ARHAM YUVA SEVA GROUP

On the Auspicious Occasion of 51st Janmotsav

II MANAVTA MAHOTSAV II

RASHTRASANT PARAM GURUDEV
SHREE NAMRAMUNI MAHARAJ SAHEB'S 51 JANMOTSAV
MANAVTA MAHOTSAV



AYSG's MULTIPLE PROJECT

NEW LAUNCH
ARHAM MEDICAL EMERGENCY SAHAY

NEW LAUNCH
PARAM PRAYAAS

ANANT ARHAM AAHAR

ANNADAAN KIT DISTRIBUTION

JEEVDAYA FISHES RESCUED

51,000+ Beneficiaries

1,500+ Fishes rescued

551+ Distributed

From : DEEPAK K. BHAYANI - 202, Satellite Building, Opp. Mistry Complex, J. B. Nagar, Andheri (East), Mumbai - 400 099